સી.જી.મહેતા
ઈ.ચા. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ,
જિલ્લા અદાલત, મોરબી.
મોરબી – ૩ ૬ ૩ ૬ ૪ ૨

ફોન નં. ઓફિસ : ૦૨૮૨૨–૨૪૨૩૭૬
ડાયરેકટ : ૦૨૮૨૨–૨૪૦૧૨૩
ફેકસ : ૦૨૮૨૨–૨૪૧૨૭૭
ઈમેઈલ : dcourt-mrb@gujarat.gov.in

**વંચાણઃ નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ રીટ પટીશન નં. ૫૩૪/૨૦૨૦ ના કામે તારીખઃ૧૬/૦૩/૨૦૨૧ તથા તારીખઃ૧૬/૧૧/૨૦૨૧ ના રોજ ફરમાવેલ હુકમ.**

## કચેરી આદેશ નં. ૩૮૫/૨૦૨૧

અત્રે આમુખમા દર્શાવેલ નામદાર સર્વોચ્ચ અદાલતે પસાર કરેલ આદેશ અન્વયે મોટર અકસ્માત વળતર અરજ અને પસાર થયેલ એવોર્ડ અન્વયેની વળતરની રકમ મેળવવા માટે દાખલ થતી અરજીઓ મા દર્શાવવાની થતી વીગતો અંગે આ કચેરી આદેશથી હુકમ કરવામાં આવે છે કે, જીલ્લા અદાલત, મોરબી, તથા અધિક જીલ્લા અદાલત, મોરબી, ખાતે દાખલ થતી તમામ પ્રકારની મોટર અકાસ્માત વળતર અરજીઓ તેમજ પસાર કરવામા આવેલ એવોર્ડ અન્વયે વળતરની રકમ મેળવવા માટેની દાખલ થતી વળતર અરજીઓમા તા. ૨૭/૧૨/૨૦૨૧ના રોજથી ફરજીયાત પણે નીચે દર્શાવ્યા મુજબની વિગતો દર્શાવવાની અને લખવાની રહેશે તેમજ તેને સંલગ્ન દસ્તાવેજી આધારોની સ્વપ્રમાણીત નકલો રજુ કરવાની રહેશે.

(૧) દરેક અરજદારોના નામ અને સરનામાની વિગત સાથે દરેક અરજદારના બેન્ક ખાતાની વિગત જેવી કે, બેન્કનું નામ, બેન્ક શાખાનું નામ, ખાતા નંબર અને બેન્કનો આઈ.એફ.એસ.સી.કોડ નંબર અવશ્ય પણે દર્શાવવો.

(૨) દરેક અરજી સાથે દર્શાવેલ બેન્ક ખાતાની વિગતો અન્વયે બેન્કની પાસબુકના પ્રથમ પાનાની નકલ કે જેમા અરજદારોનો ફોટો લગાવવામાં આવેલ હોય અને તે બેન્ક દવારા પ્રમાણીત કરવામાં આવેલ હોય તે ફરજીયાતપણે રજુ કરવી.

(૩) જો અરજદાર સગીર વયના હોય તો તેઓના બેન્ક ખાતાની નંબર તેમના વાલી અગર તો ગાર્ડીયનના નામ સહીતની વિગતો અવશ્યપણે રજુ કરવી.

(૪) દરેક અરજદારના પાનકાર્ડની વિગત અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવવી. પાનકાર્ડની સ્વપ્રમાણીત નકલ રજુ કરવી.

(૫) દરેક અરજદારના આધારકાર્ડની વિગત અરજીના મથાળે નામ, સરનામા સાથે દર્શાવવી. પાનકાર્ડની સ્વપ્રમાણીત નકલ રજુ કરવી.

(૬) જો અરજદાર કે અરજદારો પાનકાર્ડ કે આધારકાર્ડ ધરાવતા નહોય તો, તેઓએ તે મેળવવા માટેની કાર્યવાહી પ્રક્રીયા હાથ ધરવામા આવેલ છે તે મતલબની અલાયદી પુરસીસ રજુ કરવાની રહેશે.

(૭) દરેક મોટર અકસ્માત વળતરની અરજી દાખલ કરતી વખતે તેના મથાળામાં જે પોલીસ સ્ટેશનની હકુમતમાં અકસ્માતવાળો બનાવ બન્યો છે તે પોલીસ સ્ટેશનનું નામ તાલુકા, જીલ્લા સહીત તથા એફ.આઈ.આર.નો નંબર અને તારીખ સ્પષ્ટ પણે દર્શાવવી.

(૮) દરેક અરજી દાખલ કરતી વખતે ઉપરોકત આવશ્યક માહીતીઓ ઉપરાંત મોટર વેહીકલ્સ રૂલ્સના નિયમ નં. ૨૧૧ મુજબની આવશ્યક, જરૂરી અને ફરજીયતાપણે રજુ કરવાની થતી માહિતી અને દસ્તાવેજી આધારો પણ રજુ કરવાના રહેશે.

ઉપરોકત તમામ વિગતો માહિતીઓ અને દસ્તાવેજી આધારો નામ. સર્વોચ્ચ અદાલતે આપેલ માર્ગદર્શન અન્વયે નવીન દાખલ કરવામા આવતી તમામ તથા ટ્રીબ્યુનલ સમક્ષ પેન્ડીંગ રહેલ અરજીઓમાં તથા ટ્રીબ્યુનલમાં ન્યાયીક નિર્ણય માટે મુલત્વી રહેલ હોય તે તમામ વળતર અરજીઓમા ચુકાદો જાહેર થતા અગાઉ ઉપરોકત વિગતો દર્શાવતું પત્રક વિના વિલંબે રજુ કરવાનું રહેશે.

સદર કચેરી આદેશ તાત્કાલીક અરસથી અમલમાં આવશે.

ડીસ્ટ્રીક કોર્ટ, મોરબી.

તા. ૨૭/૧૨/૨૦૨૧.

( સી.જી.મહેતા )
ઈ.ચા.મુખ્ય જિલ્લા ન્યાયાધિશ
મોરબી

**<u>નકલ જય ભારત સાથ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :—</u>**

(૧) એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ, મોરબી.
(૨) બીજી એડીશ્નલ ડીસ્ટ્રીકટ કોર્ટ, મોરબી.
(૩) નાઝર શાખા, ડીસ્ટ્રીકટ કોર્ટ, મોરબી.
(૪) પ્રમુખ શ્રી, બાર એસોસીએશન, મોરબી/વાંકાનેર/હળવદ/ટંકારા/માળીયા(મી).

75 Azadi Ka Amrit Mahotsav